


ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન : 1
ગુજરાત
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન
realpatidar.com



Real Patidar Library

About Real Patidar books



You can resize and move this box in any PDF Application like Adobe Acrobat Reader.


No specific pages. See whole book.

શ્રીમતી હીરાલક્ષ્મી નવનીતભાઈ શાહ ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન : 1

ગુજરાત



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ
2006



GUJARAT : A Panorama of the Heritage of Gujarat
Published by Gujarat Vishvakosh Trust,
Nr. Ramesh Park, Opp. Bandhu Samaj Soc.,
Usmanpura, Ahmedabad 380 013
Third Edition : 2006

પ્રકાશક :
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
[illegible]
[illegible] 380 013 ફોન નં. 2755 1703
website : www.vishwakosh.org
e-mail : drthakerad1@sancharnet.in

પ્રથમ આવૃત્તિ : 1995
દ્વિતીય આવૃત્તિ : 2000
તૃતીય આવૃત્તિ : 2006
પ્રત : 1000
પૃષ્ઠ સંખ્યા : 576 + 48 = 624

કિંમત : રૂ. 400

[illegible]

મુદ્રક :
[illegible]
[illegible]
[illegible]
[illegible] 380 004

[illegible]
[illegible]
[illegible]
[illegible] 380 001 ફોન નં. 22144663/22149660

તેઓ પારસિક (ઈરાન) દેશમાંથી આવ્યા છે. તેથી અહીં પારસીઓના નામે ઓળખાય છે. તેમની આતશ બહેરામની પૂજા વૈદિક આર્યોના અગ્નિહોત્ર જેવી છે. તેમની યજ્ઞવિધિ અને સંસ્કારવિધિ પણ વૈદિક આર્યો જેવી છે. તેમના ધર્મપુસ્તક ઝંદ ભાષામાં લખાયેલા 'અવેસ્તા' અને સપ્તસિંધુના આર્યોના ઋગ્વેદની ભાષામાં ઘણું મળતાપણું છે. આ બે ભાષાઓ ભારત-યુરોપીય ભાષાપરિવારમાં ભારત-ઈરાની ભાષાયુગલ તરીકે જાણીતી છે. પારસીઓના અગ્નિમંદિરને 'અગિયારી' કહેવામાં આવે છે, જ્યારે તેમના દફનસ્થાનને 'દખમું' કહેવાય છે.

બહાઇ ધર્મ : ઈરાનમાં મીરઝાઅલી મુહમ્મદે ઈ. સ. 1864માં એક નવો ધર્મ પ્રચલિત કર્યો; જે એમના અનુગામી બહાઉલ્લાહના નામ પરથી બહાઇ ધર્મ તરીકે ઓળખાયો. ઈ. સ. 1914માં નારાયણરાવ રંગનાથ શેઠજી વકીલ તેનાથી આકર્ષાયા અને સૂરતમાં એ ધર્મનો સંદેશો ફેલાવ્યો. એમના કુટુંબીજનોએ તેનો પ્રસાર કરવા આધ્યાત્મિક સભા સ્થાપી. આ ધર્મના અનુયાયીઓ જગતમાં એક જ ધર્મ અને એક ઈશ્વરમાં માને છે. અમદાવાદમાં 1940–41ના અરસામાં શિરીન ફોજદારે ધર્મપ્રસાર અને પછાત વર્ગમાં સમાજસેવાનું કાર્ય કર્યું. વડોદરામાં 1944માં બહાઇઓની આધ્યાત્મિક સભાની સ્થાપના થઈ. અમદાવાદમાં બહાઇ સેન્ટર શાહપુર વિસ્તારમાં આવેલું છે.

ઇસ્લામ ધર્મ : ગુજરાતમાં ઇસ્લામનું આગમન દરિયાઈ માર્ગે અરબસ્તાન અને ઈરાનથી આવતા વેપારીઓ દ્વારા થયું. દસમી સદીમાં ખંભાતમાં મુસ્લિમો હતા. અમાત્ય વસ્તુપાલે તેમને એક મસ્જિદ બંધાવી આપ્યાના ઉલ્લેખો છે. આરંભમાં તેમના શિયા-સુન્ની જેવા સંપ્રદાયોનો કોઈ ઉલ્લેખ નથી, પણ ધીમે ધીમે વેપારીઓ સાથે ધર્મપ્રચારકો આવવા લાગ્યા ત્યારથી ગુજરાતમાં શિયા-સુન્ની પંથના ભેદો શરૂ થયા હોય એમ જણાય છે. ઈરાન, અરબસ્તાન અને ઇજિપ્તથી ફકીરો અને પ્રચારકો આવતા. શિયાપંથનો પ્રચાર ઇજિપ્તના પ્રચારકોએ કરેલો. આ પ્રચારકોની અસર તળે ગુજરાતના કેટલાક હિંદુઓએ ધર્માન્તર કરેલું. વહોરા (વહેવારિયા – વહેપારી) આ રીતે ઇસ્લામ સ્વીકારનાર હિંદુ હતા. પછી તો મુસ્લિમ શાસકોએ જ ધર્માન્તરને ઉત્તેજન આપ્યું – ખાસ તો સુન્ની સંપ્રદાયે. ગુજરાતમાં શિયા અને સુન્ની બંને સંપ્રદાયોના અનુયાયીઓ છે. તે બંને સંપ્રદાયોની ધાર્મિક માન્યતામાં કોઈ ભેદ નથી પણ મુહમ્મદ સાહેબના શિષ્યોને તેમના ઉત્તરાધિકારી ખલીફા માનનાર તે સુન્ની અને તેમના કુલના અંગત સગા અલીસાહેબને જ તેમના ઉત્તરાધિકારી માનનાર તે શિયા આટલો જ માત્ર ભેદ છે. મુસ્લિમોમાં અરબસ્તાન-ઈરાનથી આવનાર મૂળ લોકો કરતાં ધર્માન્તરિતોની સંખ્યા મોટી છે. મોટાભાગના ખોજા અને વહોરા શિયાપંથી છે. કેટલાક વહોરા સુન્ની પણ છે. શિયા પંથનો પ્રચાર ઈરાનથી આવેલા દાઈઓએ કર્યો. ઇજિપ્તના પ્રચારકો મુસ્તાલી ઇસ્માઇલ કહેવાય છે. તેમના અનુયાયી ગુજરાતના વહોરા મુસ્તાલીઓ કહેવાય છે. ખોજા નિઝારી કહેવાય છે.

કેટલાક ઇસ્લામી ઉપદેશકોએ હિંદુ અને ઇસ્લામ વિચારધારાઓનું મિશ્રણ કરી પીરાણા પંથ સ્થાપેલો છે. તેના અનુયાયીઓ પણ ગુજરાતમાં છે. આ સર્વ સંપ્રદાયો અલ્લાહને સર્વોત્કૃષ્ટ સત્તા માને છે અને હજરત મુહમ્મદને તેમના રસૂલ માને છે. આ જ રીતે અમદાવાદ અને પાટણમાં હજરત મુહમ્મદ મેંહદી જૌનપુરીએ મહેંદવી પંથ ચલાવેલો. તેના અનુયાયીઓ પણ ગુજરાતમાં છે.